-:**<u>આંક-૧ નીચે હુકમ:-</u>**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી વિગેરે મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળ ે અને સમયે અને તારીખે જાહેરમાં વગર પાસ પરમીટે દેશી દારૂ પીધેલ હાલતમાં મળી આવી, પકડાઈ જઈ ગુનો કરેલ હોવાની ફરીયાદ અન્વયે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો ગુનો બન્યાનું જણાઈ આવતા તેના વિરુધ્ધ હાલનું ચાર્જશીટ થયેલ છે.

(૩) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપીની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તેમજ આજરોજ લોક અદાલત હોય અને તેનો મુખ્ય હેતુ સુધારાત્મક વિચારસરણીને ધ્યાનમાં રાખી તૈયાર થયેલો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>: હુ ક મ:</u>**

૧) આરોપીને પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી વિગેરે મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/-(એક સો રૂપીયા પુરા )નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૧ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ, મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો અને જો મુદ્દામાલ વાહન અંગે કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદ્દામાલ વાહનના માલીકીની ખરાઈ કરી, તેના મુળ માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી આજરોજ સ્પે.સીટીંગ/લોકઅદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૪/૦૯/૨૦૨૪
સ્થળ:- નવરંગપુરા, અમદાવાદ

(ડી.એમ.બાવીશી)
પાંચમા સ્પે. સીટીંગ જજ
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા
UIC NO GJ 01380